# શહેરના પ્રવેશદ્વારે હીટ એન્ડ રનની ઘટના : મા-દિકરીના કરૂણ મોત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના પ્રવેશ દ્વાર પાસે રવિવારે મોડીસાંજે હીટ એન્ડ રનની ઘટનામાં મા-દિકરીના કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની લાગણી વ્યાપી હતી. આજે સાતમના પર્વે મામાના ઘરે મા-દિકરી અને દીકરો સેક્ટર-૭ ખાતે આવ્યા હતા. મોડી સાંજે સાતમ ઉજવી અમદાવાદ પરત જઈ રહ્યા હતા ત્યારે ધોળાકુવા પાસેના વળાંકે પૂરઝડપે આવતી કારની ટક્કરથી એકટીવા સવાર મા-દિકરી પટકાતાં સ્થળ પર જ મૃત્યુ પામ્યા હતા. જયારે ભાઈ એકટીવા ચલાવી રહ્યા હતા તે બચી ગયો હતો. પોલીસ ઘટના સ્થળે પર આ લખાય છે ત્યાં સુધી તપાસ કરી રહી છે. સાતમ-આઠમના પર્વે બનેલી આ કરૂણ ઘટનાથી સેક્ટર-૭માં રહેતા મામાના ઘરે ઘેરા શોકની લાગણી પ્રસરી હતી.

પૂર ઝડપે હંકારી રહેલ કાર ચાલક અકસ્માત બાદ ભાગી છૂટ્યો હતો. જો કે પોલીસ આ કાર ચાલકને પકડવા માટેના ઘનિષ્ઠ પ્રયાસો હાથ ધર્યા હતા. રક્ષાશક્તિ સર્કલ પર લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસાઈ રહ્યા છે.









આકર્ષણમાં ઉમેરો... - સેક્ટર-૧ તળાવ હવે, શહેરના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે... કોરોનાની નિશ્ચિત બનતી વિદાયને પગલે રોજેરોજ સંખ્યાબંધ યુવાનો અને મોર્નિંગ વૉકર્સ તળાવના કિનારે ચાલવા માટે આવે છે... જ્યારે બાળકો અને કિશોરો રમવા માટે ઉમટે છે... હવે બાળકો અને કિશોરોમાં સાહસિક વૃત્તિ વિકસે તેના માટે એડવેન્ચર ટ્રેકીંગ એરિયા વિકસાવાઈ રહ્યો છે...

# ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના ૮ તાલુકામાં હળવા વરસાદી ઝાપટાં

## ૨૦૧૮ અને ૨૦૧૯માં પણ પાછોતરો વરસાદ સારો થયો હતો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના ૮ તાલુકામાં આજે હળવા વરસાદી ઝાપટા નોંધાતા ખેડૂતોમાં વરસાદ આવશે તેવી આશા જન્મી છે.

૨૦૧૯માં પણ વરસાદે સારો એવો ઈન્ચજાર કરાવ્યા પછી પાછોતરો વરસાદ સારો થયો હતો. ૨૦૧૯ માં પણ ૭૨ ટકા જેટલો વરસાદ ૩૧-૮-૨૦૨૧ સુધીમાં નોંધાયો હતો પરંતુ પાછોતરો વરસાદ સારો થતાં રવિ સીઝનને ફાયદો થયો હતો.

જિલ્લામાં ચાલુ વર્ષે ૨૦૧૮ કરતાં પણ હજુ ઓછો વરસાદ થયો છે. જિલ્લામાં ૨૦૧૮ માં ૩૧ ઓગષ્ટ સુધીમાં ૩૮.૫૪ ટકા જેટલો જ વરસાદ નોંધાયો હતો. જો કે તે વખતે પણ પાછોતરો વરસાદ સારો થયો હતો.

જિલ્લામાં આ વર્ષ સુધીમાં માત્ર ૨૭ ટકા જ વરસાદ નોંધાયો છે. વરસાદની ઘટ ૫૦ ટકાથી પણ વધુ છે. પરંતુ આજે વરસાદના હળવા ઝાપટાઓને પગલે ખેડૂતોમાં પાછોતરો વરસાદ સારો થશે તેવી આશા જન્મી છે.

પાછોતરો વરસાદ જો સારો થાય તો જિલ્લામાં પાણીની તંગી પણ હળવી થશે એટલુ જ નહિ પશુધન માટે ઘાસચારો પણ ઉપલબ્ધ થશે તેમજ પાકને જીવતદાન મળશે જેમણે ખાસ કરીને મોડુ વાવેતર કર્યુ છે તેવા પાકોને. ગાંધીનગર તાલુકામાં આજે બપોરે ૧૨ થી ૨ ના ગાળામાં એક મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. છુટા છવાયા સ્થળો પર આ વરસાદ નોંધાયો હતો. રાજ્ય કંટ્રોલરૂમના જણાવ્યાનુસાર પોશીનામાં ૨૪ મી.મી., વિજયનગરમાં ૧૮ મી.મી., દાંતીવાડામાં ૫ મી.મી., ખેડબ્રહ્મામાં ૪ મી.મી., દાંતામાં ૨ મી.મી., ઈડરમાં ૨ મી.મી., પાલનપુરમાં ૧ મી.મી. સાંજના ૬ વાગ્યા સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં ૩૧ અને ૧લી સપ્ટેમ્બરે પણ હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવનાઓ હવામાન-પૂર્વાનુમાનમાં વ્યક્ત કરવામાં આવેલી છે.

## આ મારું વ્યક્તિગત મંતવ્ય છે - નીતિન પટેલ

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા આપવામાં આવેલા એક નિવેદનને કારણે વિવાદ ઉભો થયો છે. નીતિન પટેલે કહ્યું કે, જ્યાં સુધી આ દેશમાં હિન્દુઓ બહુમતીમાં છે ત્યાં સુધી ધર્મનિરપેક્ષતા, બંધારણ વગેરે સલામત છે. જ્યારે હિન્દુઓ બહુમતીમાં નહીં હોય ત્યારે આ તમામ સંસ્થાનોનો અંત આવી જશે. શુક્રવારના રોજ ગાંધીનગરમાં ભારત માતા મંદિરની સ્થાપનાના અવસર પર આ વાત કહી હતી.

નીતિન પટેલ પાસે તેમના આ વિવાદાસ્પદ નિવેદન અંગે ખુલાસો માંગવામાં આવ્યો તો તેમણે જણાવ્યું કે, હિન્દુઓ ઉદારવાદી વિચારધારા ધરાવતા હોય છે જેના કારણે દેશમાં લોકતંત્ર સલામત રહી શકે છે. આ મારું વ્યક્તિગત મંતવ્ય છે. જ્યારે બહુમતી વર્ગ લોકતંત્રના મૂલ્યોનો આદર કરે ત્યારે લોકશાહી સફળ થાય છે. એવા દેશો જ્યાં લોકો એવુ માનતા હોય કે તેઓ જે કહી રહ્યા છે તે જ સાચું છે ત્યાં કાયદો, લોકશાહી અને ન્યાય વ્યવસ્થા સાથે સમાધાન કરવું પડે છે. અફઘાનિસ્તાન તેનું એક ઉદાહરણ છે.

# જિલ્લામાં ૭૦ જેટલા મિયાવાંકી જંગલોના નિર્માણ માટે તંત્રની આગેકૂચ

## ૨૦X૨૫ ના પ્લોટમાં ૧૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરી તેનો ઉછેર કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ૭૦ જેટલા મિયાવાંકી જંગલો ઉભા કરવામાં આવશે. જિલ્લાને હરિયાળો જિલ્લો બનાવવા તંત્ર દ્વારા આ દિશામાં કામગીરી પણ હાથ ધરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે માણસામાં ૧૧, ગાંધીનગરમાં ૧૯, કલોલમાં ૨૨ અને દહેગામમાં ૧૭ જેટલા મિયાવાંકી જંગલો ઉભા કરવામાં આવશે.

૨૦૮૨૫ ના પ્લોટમાં ૧૧૦૦ થી વધુ વૃક્ષો વાવી આ જંગલોનો ઉછેર કરવાનું આયોજન છે. આ માટેની તૈયારીઓ અને રોપાઓનું વાવેતર પણ તેના અંતિમ તબક્કામાં હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામમાં ડેમાલિયા, પલ્લીનો મ્હાડ, ઈસનપુર ડોડિયા, સેજાના મુવાડા, કલોલમાં બાલવા, રકનપુર, મુબારકપુર, ચાંદીસણા, નાદરી, ગોલથરા અને સોજામાં વાવેતર કાર્ય પૂર્ણ થઈ ચુક્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોટેશ્વરમાં મંગળવારથી મનપાની ૧૫ ટીમો દ્વારા મિલ્કતોનો સર્વે હાથ ધરાશે

## ૨૨૦૦ થી વધુ મિલ્કતોનો સર્વે કરાશે : એક સપ્તાહ જેટલો સમય સર્વેમાં થશે તેવું અનુમાન

ગાંધીનગર, તા. ૨૯

આગામી મંગળવારને ૧લી સપ્ટેમ્બરથી ગાંધીનગર મનપામાં નવા ભેળવવામાં આવેલા વિસ્તારોમાં મિલ્કતોના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે.

મિલ્કતોના સર્વે માટે કોટેશ્વરથી આ કામગીરીનો આરંભ થશે. આ સર્વે જી.આઈ.એસ. સિસ્ટમથી કરવામાં આવનાર છે. મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કોટેશ્વર ગામમાં હાલ ૨૨૦૦ જેટલી મિલ્કતો આવેલી છે. આ મિલ્કતોના સર્વે માટે ૧૫ જેટલી ટીમો બનાવી અને કામગીરીનો પ્રારંભ થશે.

કોટેશ્વર ગામમાં પ્રોયોગિક ધોરણે સર્વેની કામગીરી માટે એકાદ સપ્તાહ જેટલો સમય લાગશે તેવુ અનુમાન છે. આ સપ્તાહ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં સર્વે દરમ્યાન આવનારા પ્રશ્નો અને પડકારો અંગે પણ તંત્રની ટીમ દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવનાર હોવાનુ જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં ૧૮ ગામ અને એક નગરપાલિકા વિસ્તારને ભેળવવામાં આવેલ છે. ૧.૫૧ લાખ જેટલી મિલ્કતોના સર્વેની કામગીરી હાથ ધરવા માટે તંત્રએ આમ તો પુરતી તૈયારીઓ કરી લીધી છે.

મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કોટેશ્વર ગામની કામગીરી પૂર્ણ થયા બાદ જરૂર પડ્યે સર્વે માટેની ટીમોની સંખ્યામાં વધારા સહિતના મહત્વના નિર્ણયો તંત્ર દ્વારા લેવામાં આવશે.

આ સાથે દરેક ગામનુ આખુ મેપિંગ જાહેર સંસ્થાનો સહિતનું તૈયાર થઈ જશે અને મનપાનો અત્યંત આધુનિક રેકર્ડ પણ તૈયાર થશે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે મિલ્કતોના સર્વેની કામગીરી હાલ તો ૩ માસમાં જ પૂર્ણ કરી અને તેને વર્ગવાર વિભાજીત કરી દેવામાં આવશે અને આગામી નાણાંકીય વર્ષથી મિલ્કતવેરામાં એકસૂત્રતા લાવવામાં આવશે. મિલ્કતોના સર્વે માટે જેમ જેમ કામગીરી આગળ વધશે તેમ તેમ સર્વેની ટીમોની સંખ્યા વધારવામાં આવશે અને એક હજાર જેટલી ટીમો પણ કામે લગાડવાનુ આયોજન વિચારવામાં આવ્યાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર મનપામાં સૌથી વધુ વિસ્તાર ભેળવવામાં આવ્યો છે. ગાંધીનગર શહેરનો એરિયા જે ૧૭૭ કિ.મી. જેટલો હતો તે નવા વિસ્તારો ભેળવતા ૩૨૬ કિ.મી. જેટલો થયો છે.

મનપા સામે સૌથી મોટો પડકાર મિલ્કતોના સર્વેમાં મિલ્કત ભાડે આપવામાં આવી છે કે પોતાના ભોગવટામાં છે તેની ચકાસણીમાં રહેશે. ગાંધીનગરમાં ભાડે આપવામાં આવેલી મિલ્કતો વધુ હોવાનુ પણ તંત્રના ધ્યાને આવ્યુ છે.

કોટેશ્વકના પ્રાયોગિક સર્વેમાં ઘણી બધી બાબતો પ્રકાશમાં આવશે તેવુ તંત્રનું હાલ પ્રાથમિક અનુમાન છે. અમદાવાદની નજીકનું આ ગામ છે અને અહિ સારો એવો વિકાસ પણ થયો છે જે નોંધનીય છે.

# ગાંધીનગરમાં પ્રથમવાર શીતળા સાતમે ભારે ભીડ

## ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન અને સરિતા ઉદ્યાન સહિતના હરવા ફરવાનાં સ્થળોએ જબરજસ્ત માનવ મહેરામણ ઉમટ્યો : ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયાં


















ગાંધીનગર, તા. ૨૯

જાણે હરવા ફરવા માટે જ સાતમ-આઠમની રજાઓ આવી હોય તેમ સંખ્યાબંધ લોકો હરવા ફરવા નીકળી પડ્યા છે. ગાંધીનગરના જાણીતા હરવા ફરવાના સ્થળોએ તો પગ મુકવાની જગ્યા ન હતી. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન અને સરિતા ઉદ્યાનમાં આખો દિવસ મુલાકાતીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

કોરોનાની બીજી લહેર બાદ જનજીવનમાં પુનઃ ચેતના પ્રસરી છે. જનજીવન ધીમે ધીમે થાળે પડી રહ્યુ હોય તેમ લાગી રહ્યુ છે. કોરોનાની ત્રીજી લહેરનો ભય હોવા છતાં લોકો ખુબ મોટી સંખ્યામાં હરવા-ફરવા નીકળી રહ્યા છે. છેલ્લા બે વર્ષથી તહેવારોની ઉજવણી સાવ ફીકી રહેતા હવે લોકો બહાર ફરવા નીકળી રજાઓનો આનંદ માણી રહ્યા છે. રક્ષાબંધનની ઉલ્લાસભેર ઉજવણી બાદ સાતમ-આઠમની ઉજવણી પણ ખુબ જ ઉલ્લાસભેર થઈ રહી છે. આ વખતે પણ સાતમ-આઠમના મેળાઓ રદ કરાયા હોઈ લોકો હરવા ફરવાની મજા લઈ રહ્યા છે. દૂરના સ્થળોએ જવાના બદલે ખાનગી વાહનમાં જઈ શકાય તેવા સ્થળોએ ફરવા જનારાઓ વધ્યા છે.

ગાંધીનગરમાં પણ એક દિવસની પીકનીક મનાવી શકાય તેવા ઘણા સ્થળો છે. ખાસ કરીને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન અને સરિતા ઉદ્યાનમાં એક દિવસની પીકનીક મનાવવા જાણે માનવ મહેરામણ ઉમટ્યો હતો. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં હાલમાં જ વાઘ, સિંહ અને દીપડાનુ નવુ આકર્ષણ ઉમેરાયુ હોઈ મુલાકાતીઓ વહેલી સવારથી જ અહી ઉમટી પડ્યા હતા. સાતમે ઠંડુ ખાવાનો રીવાજ હોવાથી લોકો ઘરેથી જ નાસ્તાના મોટા ડબ્બા ભરીને અહીં આવી ગયા હતા. જ્યાં જગ્યા મળે ત્યાં બેસીને ઉજાણી કરી હતી. પ્રકૃતિ ઉદ્યાન અને સરિતા ઉદ્યાનની બહાર તો વાહનો પાર્ક કરવાની જગ્યા પણ ન હતી. છેક મોડી સાંજ સુધી અહીં ભીડ જોવા મળી હતી. જો કે વધેલા ખાદ્ય પદાર્થો જ્યાં ત્યાં નાંખી દેવાતા ગંદકીમાં પણ વધારો થયો હતો.









# શહેરમાં મેળા વિના મોળી જન્માષ્ટમી ઉજવાશે

## ગાંધીનગરમાં જન્માષ્ટમીની પરંપરાગત ઉજવણી થશે પરંતુ જન્માષ્ટમીનો મેળો નહી ભરાય : મંદિરોમાં મર્યાદિત સંખ્યામાં કોરોના ગાઈડલાઈન સાથે જન્મોત્સવ દર્શનની છુટ : સોસાયટીઓ-વસાહતોમાં જન્માષ્ટમીની ઉજવણીના આયોજન

ગાંધીનગર તા.૨૯

ગાંધીનગરમાં આ વર્ષે પણ જન્માષ્ટમીની ઉજવણી મોળી રહેશે કારણ કે સરકારે મંદિરોમાં મર્યાદિત સંખ્યામાં દર્શનની છૂટ તો આપી છે પરંતુ જન્માષ્ટમીના મેળા પર રોક લગાવી છે. જન્માષ્ટમીના તહેવારમાં લોકમેળો એ સૌથી મહત્ત્વનું આકર્ષણ હોય છે અને શહેરમાં પંચદેવ મંદિર ઉપરાંત ધોળેશ્વર મહાદેવ સહિત ગાંધીનગરની આસપાસ અનેક સ્થળે જન્માષ્ટમીના મેળાનું આયોજન થતું હતું જે આ વર્ષે પણ રદ કરવામાં આવ્યું છે.

કોરોના મહામારીને કારણે ગત વર્ષે તો જન્માષ્ટમીની ઉજવણી ખુબજ ફિક્કી રહી હતી પરંતુ આ વર્ષે કોરોના કેસોમાં અત્યારે રાહત જણાતા સરકારે થોડીઘણી છૂટછાટ આપી છે અને રાત્રિ કરફ્યુ માં પણ જન્માષ્ટમીના દિવસે રાત્રે એક વાગ્યા સુધીની છૂટ આપી છે. આ સાથે શહેરના મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવ સમયે ૨૦૦સુધીની મર્યાદિત સંખ્યામાં દર્શનાર્થીઓ દર્શન કરી શકે તેવી છૂટ આપવામાં આવી છે. બીજી તરફ જન્માષ્ટમીના મેળા પર રોક લગાડવામાં આવી છે. જોકે શહેરીજનો દ્વારા વિવિધ વસાહતો તથા સોસાયટીઓમાં આ વર્ષે કૃષ્ણ જન્મોત્સવની પરંપરાગત ઉજવણીના આયોજનો કરવામાં આવ્યા છે જે ગત વર્ષે શક્ય બન્યાં નહોતા.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com